એસ્ટોનિયન સ્લેકલાઇનર જાન રૂઝે દક્ષિણ કોરિયાની રાજધાની સિઉલમાં બે ઊંચી ઇમારતો વચ્ચે રોમાંચક હાઇલાઇન વોક પૂર્ણ કરીને એક અદભૂત સાહસ કરીને બતાવ્યું હતું. બે ઉંચી ઇમારતો વચ્ચે જમીનથી ૩૮૩.૭ ફૂટની ઉંચાઇએ બાંધેલા દોરડા પર સંતુલન જાળવીને આ સાહસ પૂર્ણ કર્યું હતું. આ સમયે નીચે મોટી સંખ્યામાં લોકો ભેગા થઇને અધ્ધરજીવે આ જોઇ રહ્યા હતા.

કોહલીને રૂ. 5 કરોડ આપી પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં લાવવાનો આરોપ

એક રાજસ્થાની કંપનીએ કોહલીને પ્રેમાનંદ મહારાજને પ્રસિદ્ધ કરવા આશ્રમમાં બોલાવ્યા હતા, હવે કંપનીના લોકો સાધુનો વેશ ધારણ કરીને આશ્રમમાં ઘૂસી ગયા છે

‘ભૂ માફિયાઓથી દૂર રહો, જરૂર પડે કિડની આપવા પણ તૈયાર’: ફલાહારી મહારાજે પ્રેમાનંદજી માટે ‘ઝેડ પ્લસ’ સુરક્ષા માંગી

લખનઉ, તા. 5: સંત પ્રેમાનંદ મહારાજના શિષ્ય દીપક લોધીના શંકાસ્પદ મૃત્યુ બાદ વૃંદાવનનો શ્રી હિત રાધા કેલીકુંજ આશ્રમ ભારે વિવાદમાં સપડાયો છે. શ્રી કૃષ્ણ જન્મભૂમિ સંઘર્ષ ન્યાસના અધ્યક્ષ ફલાહારી મહારાજે પ્રેમાનંદ મહારાજને પત્ર લખીને ગોવર્ધન ગિરિરાજજી ખાતે સ્થળાંતર કરવા અપીલ કરી છે. અહેવાલો મુજબ પત્રમાં દાવો કરાયો છે કે એક રાજસ્થાની કંપનીએ વિરાટ કોહલીને 5 કરોડ રૂપિયા આપીને પ્રેમાનંદ બાબાની પ્રસિદ્ધિ માટે આશ્રમમાં બોલાવ્યા હતા. હવે તે કંપનીના લોકો સાધુનો વેશ ધારણ કરીને આશ્રમમાં ઘૂસી ગયા છે અને પ્રોપર્ટીનું કામ કરી રહ્યા છે.

ફલાહારી મહારાજે પ્રેમાનંદજીને સનાતન ધર્મ માટે અત્યંત જરૂરી અને તપસ્વી સંત ગણાવતા પોતાના અંગત સ્વાર્થ માટે તેમનું નામ વટાવતા ભૂ-માફિયાઓથી દૂર રહેવાની સલાહ આપી છે. તેમણે મહારાજશ્રી માટે પોતાની કિડની દાન કરવાની પણ તૈયારી દર્શાવી છે.

આ ઉપરાંત, યમુનાના ડૂબ વિસ્તારમાં સરકારી અધિકારીઓની મિલીભગતથી ચાલતા ગેરકાયદેસર જમીન કૌભાંડ, કિડની ચોરી અને ગુમ થયેલા બાળકો અંગે પણ ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. સંત પ્રેમાનંદ મહારાજની સુરક્ષા માટે ‘ઝેડ પ્લસ’ કેટેગરી પૂરી પાડવાની માગ સાથે આ સમગ્ર પ્રકરણની સીબીઆઈ તપાસ કરવાની માગણી પણ કરવામાં આવી છે.

મોદીએ સ્વિસ પ્રમુખને ભેટમાં આપ્યા ભારત નિર્મિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ચીઝ

સ્વિસ પ્રમુખનાં પત્નીને સુરતના ખાસ ‘સાદેલી બોક્સ’માં કચ્છી હાથવણાટની શાલ ભેટમાં આપી

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની ત્રણ દિવસીય મુલાકાતે આવેલા સ્વિટ્ઝર્લેન્ડના પ્રમુખ ગાય પરમેલિન અને તેમનાં ધર્મપત્ની કેરોલિન પરમેલિનને ભારતની સમૃદ્ધ હસ્તકળા અને ચીઝ નિર્માણ ક્ષેત્રની પરંપરા દર્શાવતી ખાસ વિશેષ ભેટ સોગાદો અર્પણ કરી હતી.

વિશ્વભરમાં પોતાની ચીઝ માટે પ્રખ્યાત સ્વિટ્ઝર્લેન્ડના પ્રમુખને પીએમ મોદીએ ભારતમાં ઉત્પાદિત ત્રણ પુરસ્કાર વિજેતા શાનદાર ચીઝ - ‘ગુલ્મર્ગ’, ‘કોણાર્ક’ અને ‘યેઓર’ ભેટમાં આપ્યા હતા. ફ્રેન્ચ બ્રી શૈલીનું ‘ગુલ્મર્ગ’ ગાયના દૂધમાંથી બનેલું અને બ્રાઝિલના કમ્પિટિશનમાં સુપર ગોલ્ડ જીતેલું ચીઝ છે. ‘કોણાર્ક’ ચીઝ નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડના વર્લ્ડ ચીઝ એવોર્ડ્સમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી ચૂક્યું છે, જ્યારે ‘યેઓર’ સ્વિસ ગ્રુયેર શૈલીથી પ્રેરિત હિમાલયન પર્વતીય સ્વાદ ધરાવતું ઉત્કૃષ્ટ ચીઝ છે.

આ ઉપરાંત, પીએમ મોદીએ સ્વિસ પ્રમુખને હિમાલયન અખરોટના લાકડામાંથી તૈયાર કરાયેલું અને કાશ્મીરની સદીઓ જૂની નક્ષીકામ હસ્તકળાને જીવંત કરતું વોલ પેનલ ભેટ આપ્યું હતું, જેમાં ગામડાંનું જીવન અને પ્રાકૃતિક દ્રશ્યો આબેહૂબ કંડારાયા છે. જ્યારે પ્રથમ મહિલા કેરોલિન પરમેલિનને ગુજરાતની કળાસંસ્કૃતિનું પ્રતીક એવી ભેટ આપવામાં આવી હતી. તેમને સુરતના અદભુત ‘સાદેલી બોક્સ’માં મુકેલી કચ્છની વિશ્વપ્રસિદ્ધ હાથવણાટની ‘કચ્છી શાલ’ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી.

UP રાજ્યસભા ચૂંટણી: ભાજપે હરદીપ પુરી સહિત તમામ જૂના ચહેરા કાપ્યા

8 નવા ચહેરા મેદાનમાં ઉતાર્યા

સપા તરફથી રામગોપાલ યાદવ અને ધનરાજ નથવાણી ઉમેદવાર, 10 બેઠકો પર ૧૦ દાવેદારો થતાં બિનહરીફ જીત સુનિશ્ચિત

નવી દિલ્હી-લખનઉ, તા. 5 (પીટીઆઈ): ઉત્તર પ્રદેશમાં આગામી 16 ઓક્ટોબરે યોજાનારી રાજ્યસભાની 10 બેઠકોની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ (ભાજપ) સોમવારે મંત્રી ધરમપાલ સિંહ સહિત પોતાના 8 ઉમેદવારોના નામોની જાહેરાત કરી છે.

ભાજપે આ વખતે મોટો ફેરફાર કરતા પોતાના તમામ નિવૃત્ત થતા સભ્યોને પડતા મૂક્યા છે, જેમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી અને બી. એલ. વર્મા ઉપરાંત અરૂણ સિંહ, નીરજ શેખર અને બ્રિજલાલ જેવા દિગ્ગજ નેતાઓ સામેલ છે. હરદીપ સિંહ પુરીને ટિકિટ ન મળતાં આગામી દિવસોમાં કેન્દ્રીય કેબિનેટમાં ફેરબદલની અટકળોએ જોર પકડ્યું છે.

2027ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે આ યાદીમાં જાતિગત અને પ્રાદેશિક સમીકરણોનું ખાસ ધ્યાન રાખ્યું છે. બીજી તરફ, સમાજવાદી પાર્ટીએ (સપા) રામગોપાલ યાદવ અને રિલાયન્સ ગ્રુપના પ્રેસિડેન્ટ ધનરાજ પરિમલ નાથવાણીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. 10 બેઠકો માટે હાલ 10 જ ઉમેદવારો મેદાનમાં હોવાથી તમામ બિનહરીફ ચૂંટાય તેવી પૂરી શક્યતા છે.

અમેરિકાએ બ્રિટિશ એરબેઝ પરથી તમામ બોમ્બર વિમાનો પાછા ખેંચ્યા

બ્રિટિશ એરબેઝ પર આતંકવાદી હુમલાની યોજના અને સુરક્ષા ભંગની ઘટના સામે આવ્યા બાદ આ પગલું લેવાયું

બ્રિટનમાં બ્રિટિશ-ઈરાની નાગરિક સહિત 6ની અટકાયત

વોશિંગ્ટન, તા. 5 (એપી): અમેરિકી હવાઈ દળે ઈંગ્લેન્ડ સ્થિત પોતાના મહત્વપૂર્ણ સૈન્ય મથક આરએએફ ફેરફોર્ડ ખાતેથી તમામ બોમ્બર વિમાનો પાછા ખેંચીને પોતાના દેશ અમેરિકા ખાતે સ્થળાંતરિત કરી દીધા છે. ઈરાન સામેના યુદ્ધમાં હવાઈ હુમલા કરવા માટે બ્રિટનમાં આવેલા આ એરબેઝનો ઉપયોગ થઈ રહ્યો હતો. તાજેતરમાં આ બ્રિટિશ એરબેઝ પર આતંકવાદી હુમલાના પ્લાનિંગ અને સુરક્ષા ભંગની ઘટના સામે આવ્યા બાદ સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી, જેના પગલે સેન્ટ્રલ કમાન્ડે સંવેદનશીલ સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ બી-52 અને બી-1 બોમ્બર વિમાનોને તુરંત જ માલિકી દેશ પાછા બોલાવી લીધા છે.

ઈમરાન ખાનના સમર્થકો દ્વારા ઈસ્લામાબાદ તરફ શરૂ કરાઈ કૂચ

ઇસ્લામાબાદ સંપૂર્ણ સીલ, હજારો સમર્થકો રસ્તા પર ઉતર્યા

ઈસ્લામાબાદ, તા. 5: પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને જેલમાંથી મુક્ત કરવાની માગ સાથે તેમના સમર્થકોએ ઈસ્લામાબાદ તરફ કૂચ શરૂ કરી દેતાં દેશમાં રાજકીય ઉત્તેજના ચરમસીમાએ પહોંચી છે. સરકાર દ્વારા માર્ચ રોકવા માટે કરવામાં આવેલા તમામ પ્રયાસો અને મધ્યસ્થીની મંત્રણા નિષ્ફળ ગયા બાદ ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના ગઢ ગણાતા ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાંથી આ વિરોધ માર્ચનો પ્રારંભ થયો છે.

સરકારે આ વિરોધ પ્રદર્શનને અટકાવવા માટે પાટનગર ઈસ્લામાબાદને સંપૂર્ણપણે સીલ કરી દીધું છે. કન્ટેનર અને રેતીની ગુણો મૂકીને શહેરના તમામ પ્રવેશદ્વારો બંધ કરી દેવામાં આવ્યા છે. ગત સપ્તાહ દરમિયાન સુરક્ષાના નામે ઈમરાન ખાનની ત્રણ બહેનો સહિત અનેક નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. આ દરમિયાન સરકાર અને પીટીઆઈ વચ્ચે યોજાયેલી વાટાઘાટો પણ પડી ભાગી હતી, કારણ કે પીટીઆઈના નેતાઓએ ઈમરાન ખાનને મંત્રણામાં સામેલ કરવાની માગ કરી હતી.

ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીના નેતૃત્વમાં હજારો સમર્થકો આ માર્ચમાં જોડાયા છે અને બુધવાર સુધીમાં આ વિરોધ સરઘસ પેશાવર પહોંચવાની ધારણા છે. સરકારે આ માર્ચને ગેરકાયદે ગણાવીને ઈસ્લામાબાદમાં હજારો પોલીસ અને અર્ધલશ્કરી દળો તૈનાત કર્યા છે, જેથી મોટા પાયે હિંસા થવાની ભયંકર આશંકા સેવાઈ રહી છે. વિપક્ષી નેતાઓને ડર છે કે સરકાર આ માર્ચને નિષ્ફળ બનાવવા ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ઈમરજન્સી પણ લાગુ કરી શકે છે.

ટ્રમ્પનો વધુ એક છબરડો: બ્રાઝિલનો ઉલ્લેખ ભારત તરીકે કર્યો!

અમેરિકાની ચૂંટણી પ્રથાની ટીકા કરતી વખતે સોશ્યલ મીડિયા પર લખ્યું કે આજે ભારતમાં પ્રમુખપદની ચૂંટણી યોજાઇ ગઇ, જ્યારે ખરેખર બ્રાઝિલમાં ચૂંટણી યોજાઇ હતી

ટ્રમ્પે ભૂલ સુધારી લીધી

વોશિંગ્ટન, તા. ૫: બ્રાઝિલની ચૂંટણીને સોશ્યલ મીડિયા પર ભારતની ચૂંટણી ગણાવીને છબરડો કર્યા બાદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોડેથી પોતાની ભૂલ સુધારી લીધી હતી.

અમેરિકામાં ચૂંટણી પ્રક્રિયા ભ્રષ્ટ છે એવું કહેવા માટે ટ્રમ્પે પોતાના ટ્રુથ સોશ્યલ પર પોસ્ટ મૂકી હતી જેમાં આ છબરડો થયો હતો. બાદમાં ટ્રમ્પે ભૂલ સુધારીને કહ્યું હતું કે બ્રાઝિલના પ્રમુખપદની ચૂંટણીના પ્રથમ રાઉન્ડમાં આજે ૨.૫ કરોડ લોકોએ મતદાન કર્યું. મતદાન પુરું થયું અને થોડા જ સમયમાં પરિણામો આવી ગયા, તે જ દિવસે! એમ ટ્રમ્પે લખ્યું હતું. અગાઉ ટ્રમ્પે આ ચૂંટણીને ભારતના પ્રમુખની ચૂંટણી ગણાવી હતી.

વોશિંગ્ટન, 5(PTI): શું કોઈ બ્રાઝિલને ભારત સમજી શકે? જે બે દેશો પૃથ્વીના ગોળાર્ધ પર એકબીજાથી લગભગ બિલકુલ વિરુદ્ધ દિશામાં આવેલા છે. દેખીતી રીતે, અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આવું કરી શકે છે. એક મોટી તથ્યાત્મક ભૂલમાં, પ્રમુખે રવિવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં બ્રાઝિલની પ્રમુખપદની ચૂંટણીનો સંદર્ભ આપતી વખતે તેને ભારતની ચૂંટણી ગણાવીને એવો દાવો કર્યો કે અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા ભ્રષ્ટ છે. પોતાના પરિચિત અંદાજમાં યુએસની ચૂંટણી પ્રણાલીની ટીકા કરતા પહેલા ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પરની પોતાની પોસ્ટમાં લખ્યું, ભારતમાં પ્રમુખપદની ચૂંટણીના પહેલા તબક્કામાં આજે 12.5 કરોડ લોકોએ મતદાન કર્યું. મતદાન પૂર્ણ થયાના થોડા જ સમયમાં, તે જ દિવસે પરિણામો બહાર આવી ગયા.

મગજની રહસ્યમય કાર્યપ્રણાલી ઉકેલનારા 3 વિજ્ઞાનીઓને મેડિકલનો નોબેલ

સ્ટોકહોમ, તા. 5 (એપી): સ્ટોકહોમ સ્થિત કેરોલિંસ્કા ઈન્સ્ટિટ્યૂટ ખાતે સોમવારે તબીબી ક્ષેત્રના નોબેલ પુરસ્કારની જાહેરાત સાથે નોબેલ સપ્તાહનો પ્રારંભ થયો છે. વર્ષ 2026નો ફિઝિયોલોજી અથવા મેડિસિનનો નોબેલ પુરસ્કાર ત્રણ વિજ્ઞાનીઓ–કાર્લ ડેઈસેરોથ (54), પીટર હેગેમેન (71) અને જ્યોર્જ નાગેલને (73) સંયુક્ત રીતે આપવાની જાહેરાત કરાઈ છે. અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ડેઈસેરોથ તથા જર્મનીની હમ્બોલ્ટ અને વુર્ઝબર્ગ યુનિવર્સિટીના હેગેમેન અને નાગેલને ‘ઓપ્ટોજેનેટિક્સ’ અને પ્રકાશથી સંચાલિત થતી આયન ચેનલો પર કરેલા સંશોધન માટે આ સન્માન મળ્યું છે.

શેઠ ધનજીશા રૂસ્તમજી ઉમરીગર મેમોરીયલ સ્કુલ

એડ્રેસ : ગોકુલ રો હાઉસની પાછળ, જૂના જકાતનાકા, પાલ ઉમરા બ્રીજ પાસે, ઉમરા-395007 સુરત.

જુનિયર કે.જી, સીનીયર કે.જી અને બાલવાટીકા માટે શૈ. વર્ષ : ૨૦૨૭-૨૮ માં પ્રવેશ અંગેની જાહેરાત

જૂન - ૨૦૨૭ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષમાં પોતાના બાળકને જુનિયર કે.જી, સીનીયર કે.જી. અને બાલવાટીકામાં ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં દાખલ કરવા ઈચ્છતા વાલી પોતાના બાળકનું પ્રવેશપત્ર નીચે દર્શાવેલ તારીખ અને સમયે શાળા કાર્યાલયમાંથી મેળવી શકશે.

તારીખ	વાર	સમય અંગ્રેજી માધ્યમ	સમય ગુજરાતી માધ્યમ
૧૨-૧૦-૨૦૨૬	સોમવાર	સવારે ૯:૦૦ થી ૧૧:૦૦	બપોરે ૧:૦૦ થી ૩:૦૦
૧૩-૧૦-૨૦૨૬	મંગળવાર	સવારે ૯:૦૦ થી ૧૧:૦૦	બપોરે ૧:૦૦ થી ૩:૦૦
૧૪-૧૦-૨૦૨૬	બુધવાર	સવારે ૯:૦૦ થી ૧૧:૦૦	બપોરે ૧:૦૦ થી ૩:૦૦

વધુ માહિતી માટે શાળાના નોટીસ બોર્ડ પર તપાસ કરવી.

તા. ૦૫-૧૦-૨૦૨૬ આચાર્ય

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા (નિયમ ૩) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તા હેઠળ ડીમાન્ડ નોટીસ બજાવીને અહીં નીચે જણાવેલ દેવાદાર/સહદેવાદાર અને જામીનદારો ને નોટીસમાં દર્શાવેલ રકમ વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/સહદેવાદારો/જામીનદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/સહદેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની ૧૩ની પેટા કલમ (૪) એકટના રૂલ ૮ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

લોન ખાતા નંબર	દેવાદારો/સહદેવાદારો અને જામીનદારોના નામ	ગીરવે મુકેલી સ્થાયી મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની તારીખ	ડીમાન્ડ નોટીસની બાકી રકમ	કબજાનો પ્રકાર અને કબજો લીધાની તારીખ
૧૬૧૮૯૫૫૨	૧. રાહુલ નટવરલાલ કોસંબીયા ૨. ધર્મેશ નટવરલાલ કોસંબીયા ૩. જયશ્રીબેન એન.કોસંબીયા	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત રેવન્યુ સર્વે નં. ૮૫ પૈકી, પ્લોટ નં.૪,૫ ઈચ્છાબા સોસાયટી માં ૩૩.૮૬ ચો.મીટર મુ. મોજે, ઉધના, સીટી સુરત, સબડિસ્ટ્રીક ચોર્યાસી, જીલ્લો–સુરત–ગુજરાત–૩૯૪૨૧૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : માનસીંગભાઈ ની મિલકત, **પશ્ચિમ તરફ** : રેલ્વે કોલોની ની સીમા ,**ઉત્તર તરફ** : દલપતભાઈ ની મિલકત,**દક્ષિણ તરફ** :માનસીંગભાઈ ની મિલકત આવેલ છે.	૧૩.૦૪.૨૦૨૬	રૂા. ૧૮,૫૭,૯૪૯.૭૬	૦૪.૧૦.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો
૧૯૦૭૭૩૭૫	૧.જંયતીલાલ પરમાર ૨. કુકાડી ઓતારામ ૩.ઓતારામ ચુનારામ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત પ્લોટ નં. ૫૬, માપ ૬૦.૨૦ ચો.મીટર એટલે કે ૭૨.૦૦ ચો.વાર (સાઈટ મુજબ) અને માપ ૫૫.૮૭ ચો.મીટર (મંજુર પ્લાનમુજબ) ખુલ્લો પ્લોટ વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૩૦.૬૩ ચો.મી જમીનના રોડ અને સી.ઓ.પી ધરાવતી રામ ક્રિષ્ણા રેસીડન્સી –૧ વિકસીત થયેલ જમીન નોબ્લોક ન.૨૩૦,૨૩૧,૨૩૨,૨૩૩,૨૩૪,૨૩૫,૨૩૬,૨૩૮, ૨૪૦,૨૪૫,૨૪૬,વિલીકરણ પછી નો નવો બ્લોક નં. ૨૩૦ અને બ્લોક નં. ૨૪૧ મુ.મોજે મોટા સબડિસ્ટ્રીક અને તાલુકા–બારડોલી, જી.સુરત, રાજય–ગુજરાત–૩૯૪૩૪૫ જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૫૫, **પશ્ચિમ તરફ** : સોસયાટી નો આંતરીક રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૫૭, **દક્ષિણ તરફ** : સોસયાટી નો આંતરીક રોડ, આવેલ છે.	૧૩.૦૪.૨૦૨૬	રૂા. ૧૧,૩૨,૩૧૨.૪૨	૦૪.૧૦.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો

ખાસ કરીને દેવાદારો /સહદેવાદારો / જામીનદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) ની અહીં નીચે દર્શાવેલ રકમ કરાર આધારિત વ્યાજને આધીન રહેશે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૦૪.૧૦.૨૦૨૬
સ્થળ : સુરત,ગુજરાત

પેજ 3

સુપ્રીમ કોર્ટની રાજપાલ યાદવને કડક ફટકાર: ‘તમારું સ્થાન જેલમાં છે

મંગળવાર સુધીમાં ચુકવણું કરવા આદેશ

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ): ચેક બાઉન્સના વર્ષો જૂના કેસમાં ખાનગી કંપનીને નાણાં ચૂકવવાની બાંહેધરીનું પાલન ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે અભિનેતા રાજપાલ યાદવની ભારે ઝાટકણી કાઢી છે. ચીફ જસ્ટિસ સૂર્યા કાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી મોહનાની બેન્ચે અગાઉ રાજપાલ યાદવને કોર્ટ રજિસ્ટ્રીમાં રૂ. 2 કરોડ જમા કરાવવા માટે બે અઠવાડિયાનો આખરી સમય આપ્યો હતો. જોકે 5 ઓક્ટોબર સુધી રકમ જમા ન થતાં કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન રાજપાલ યાદવના વકીલે ફરિયાદ પક્ષ ગરીબ ન હોવાની દલીલ કરતાં જસ્ટિસ બાગચીએ ગુસ્સે થઈને કહ્યું હતું કે, ‘તેઓ કદાચ તમારા કરતા પૈસાદાર હશે પણ તમે જે છેતરપિંડી કરી છે તેના કારણે તેઓ ગરીબ બન્યા છે. તમારો ઘમંડ સાચી જગ્યાએ લાવવો જરૂરી છે અને તમારું સ્થાન જેલમાં છે.’ સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને મંગળવાર સુધીમાં બાકી રકમ ચૂકવવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ 2010માં ફિલ્મ નિર્માણ માટે રૂ. 5 કરોડની આર્થિક મદદ મેળવ્યા બાદ રાજપાલ યાદવે રૂ. 1.05 કરોડના સાત ચેક આપ્યા હતા, જે તમામ બાઉન્સ થયા હતા. વ્યાજ સહિત આ રકમ વધીને રૂ. 11 કરોડ સુધી પહોંચી ગઈ છે.

ગોરેગાંવ ફિલ્મ સિટીમાં રિયાલીટી શોના સેટ પર આગ

મુંબઈના ગોરેગાંવ વિસ્તારમાં આવેલા ફિલ્મ સિટી સ્થિત એક અસ્થાયી સ્ટ્રક્ચરમાં સોમવારે ભીષણ આગ લાગી હોવાની માહિતી અધિકારીઓએ આપી છે. તેમણે ઉમેર્યું હતું કે આ દુર્ઘટનામાં કોઈને પણ ઈજા પહોંચી નથી. પ્રાઇમ ફોકસ સ્ટુડિયોની પાછળ આવેલા એક સ્ટ્રક્ચરમાં સાંજે આશરે ૪ વાગ્યે આગ ભડકી ઉઠી હતી, જે બાદ તુરંત જ મુંબઈ ફાયર બ્રિગેડ અને અન્ય એજન્સીઓને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. એક કલાકથી વધુ સમયની જહેમત બાદ સાંજે ૪.૫૫ વાગ્યે આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

સ્મિત વિશે પણ વાત કરો: પીયૂષ મિશ્રાએ નસીરુદ્દીન શાહને પડકાર ફેંક્યો

મુંબઈ, તા. 5: અભિનેતા-લેખક પીયૂષ મિશ્રાએ મુંબઈમાં કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શનમાં વરિષ્ઠ અભિનેતા નસીરુદ્દીન શાહની હાજરી બાદ તેમના પર આકરા પ્રહારો કર્યા છે અને તેમના લાંબા સમયના સહ-કાર્યકરને અન્ય રાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ બોલવા કહ્યું છે. શાહે શુક્રવારે શિવાજી પાર્ક ખાતે સીજેપીના પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ ઘટના પછી મિશ્રાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો જારી કરીને કેટલાક સચોટ પ્રશ્નો સાથે સીધા શાહને નિશાન બનાવવામાં આવ્યા. વીડિયો મેસેજમાં મિશ્રાએ કહ્યું, “હા, નસીર સાહેબ, મારા પ્રણામ સ્વીકાર કરો. હું પીયૂષ મિશ્રા છું, તમારો એક જૂનો પરિચિત.” મિશ્રાએ ઉમેર્યું, “સર, તાજેતરમાં તેલ અવીવથી આવી રહેલી ફલાય દુબઈની ફલાઇટમાં એક અકસ્માત ટળ્યો હતો... સ્મિત મચ્છારે પોતાની બહાદૂરીથી 180 લોકોના જીવ બચાવ્યા.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,35,490/-
18 KT 1,10,830/- 14 KT 86,150/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નંબર 19-એનઈ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપાંતર કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

કબજા નોટિસ (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાણે લેતા પરિશિષ્ટ IV મુજબ) જ્યારે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 (2002નો 54) હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણે લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓની રૂએ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના સહી કરનાર અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે જણાવેલ ઉધારકર્તા(ઓ)/જામીનદાર(ઓ)ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવી આપવા માંગણી નોટિસ(ઓ) ઇશ્યુ કરવામાં આવી હતી. ઉધારકર્તા રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેતાં આથી ઉધારકર્તા(ઓ)/ સહ-ઉધારકર્તા(ઓ)/ જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સદર કાયદાની કલમ 13(4) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલ સત્તાઓની રૂએ અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લઈ લીધો છે. ખાસ કરીને ઉધારકર્તા અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈ લેવડ-દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેની કોઈપણ લેવડ-દેવડ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના વ્યાજ સહિત નીચે જણાવેલ રકમના બોજાને આધીન રહેશે.
ઉધારકર્તાનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો (સિક્યોર્ડ એસેટ્સ) મુક્ત કરવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે કાયદાની કલમ 13 ની ઉપ-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

અ. નં.	ઉધારકર્તા(ઓ)/ સહ-ઉધારકર્તા(ઓ)/લોન ખાતા નં./શાખાનું નામ	સિક્યોર્ડ એસેટ્સની ટૂંકી વિગત	માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી રકમ (રૂ.)	કબજો લીધાની તારીખ
1.	ધીરજ સોભનાથ પાંડે / પ્રતિમા સોમનાથ પાંડે / 004-00403427 / સુરત	પ્લોટ નં. 143, ક્ષેત્રફળ 48.00 ચો.વાર (કે.જે.પી. બ્લોક નં. 161/143, ક્ષેત્રફળ 40.15 ચો.મીટર બાદ)ની સ્થાવર મિલકત, પરિસર, સાથે રસ્તા અને COPમાં ક્ષેત્રફળ 18.95 ચો.મીટરનો પ્રમાણસર અવિભાજિત જમીન હિસ્સો અને સામાન્ય વપરાશના હકો, “આરાધના ડ્રીમ વિભાગ-4”, જે રાજ્યઃ ગુજરાત, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, મોજેઃ જોળવા ખાતે આવેલા બ્લોક નં. 161 ક્ષેત્રફળ હેક્ટર-આરે 1-37-94 ચો.મીટર એટલે કે 13794.00 ચો.મીટર નોન-એગ્રીકલ્ચર જમીન પૈકી પર વિકસાવેલ છે. ચતુર્સીમાઃ પૂર્વમાંઃ અડીને આવેલ પ્લોટ નં. 138, પશ્ચિમમાંઃ અડીને આવેલ સોસાયટીનો આંતરિક રસ્તો, ઉત્તરમાંઃ અડીને આવેલ પ્લોટ નં. 142, દક્ષિણમાંઃ અડીને આવેલ પ્લોટ નં. 144.	30-જૂન-2026 / રૂ. 6,60,662.69/- (રૂપિયા છ લાખ સાઠ હજાર છસો બાસઠ અને ઓગણસિત્તેર પૈસા પૂરા)	01-Oct-2026
2.	અનિલ કાશીનાથ સિંહ / કિરણ કુમારી / 004-00000487 / સુરત	ફ્લેટ નં. 203, ક્ષેત્રફળ 345.00 ચો.ફૂટ એટલે કે 32.06 ચો.મીટર સુપર બિલ્ટ-અપ એરિયા અને ક્ષેત્રફળ 231.00 ચો.ફૂટ એટલે કે 21.47 ચો.મીટર બિલ્ટ-અપ એરિયાના પરિસર, સાથે ગ્રાઉન્ડ જમીન, રસ્તો, એપાર્ટમેન્ટ પાર્કિંગ, પગથિયાં, પેસેજ, ઓવરહેડ ટાંકી, ડ્રેનેજ વગેરેમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સો, બીજો માળ, “સારથી રેસિડેન્સી”, જે રાજ્યઃ ગુજરાત, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, મોજેઃ તાંતીથૈયા ગામના રેવન્યુ સર્વે નંબર A14, 15, 16, 39, 40 A, 41, 42, 43, 157, 323-A, 324 અને 326 એકત્રીકરણ (Amalgamation) પછીના નવા બ્લોક નં. 2 N.A. જમીન પૈકી, જે “સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી-2” તરીકે વિકસાવેલ પ્લોટ નં. 250 અને 251 (દરેકનું ક્ષેત્રફળ 139.40 ચો.મીટર) N.A. જમીન પૈકી સ્થિત છે. ચતુર્સીમાઃ ઉત્તરઃ જય રણછોડરાય એપાર્ટમેન્ટ, દક્ષિણઃ ખુલ્લો પ્લોટ, પૂર્વઃ હાલનું મકાન, પશ્ચિમઃ આંતરિક રસ્તો.	25-જૂન-2026 / રૂ. 2,71,171/- (રૂપિયા બે લાખ એકોતેર હજાર એકસો એકોતેર પૂરા)	01-Oct-2026
3.	વિકાસ મુંદ્રીકા કુશવાહા / તારામતીદેવી મુંદ્રીકા કુશવાહા / 004-00403791 / સુરત	ફ્લેટ નં. 201, બીજો માળ, ક્ષેત્રફળ 236.04 ચો.ફૂટ એટલે કે 21.937 ચો.મીટર બિલ્ટ-અપ એરિયા, અને 35.298 ચો.મીટર સુપર બિલ્ટ-અપ એરિયા, સાથે “શ્રી બાલાજી ફ્લેટ”ની જમીનમાં અવિભાજિત હિસ્સો ધરાવતી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને ટુકડો, જે રેવન્યુ સર્વે નં. 121, નવો બ્લોક નં. 121, “વલ્લભનગર સોસાયટી” પૈકી પ્લોટ નં. 201 ક્ષેત્રફળ 60.11 ચો.મીટર અને પ્લોટ નં. 202 ક્ષેત્રફળ 60.11 ચો.મીટર, મોજે ગામ વરેલી, તાઃ પલસાણા, જીઃ સુરત ખાતે આવેલ છે. ચતુર્સીમાઃ ઉત્તરઃ ખુલ્લો પ્લોટ, દક્ષિણઃ ખુલ્લો પ્લોટ, પૂર્વઃ સોસાયટીનો રસ્તો, પશ્ચિમઃ અડીને આવેલ બિલ્ડિંગ.	25-જૂન-2026 / રૂ. 3,59,332/- (રૂપિયા ત્રણ લાખ ઓગણસાઠ હજાર ત્રણસો બત્રીસ પૂરા)	01-Oct-2026
4.	રમેશભાઈ મોહનભાઈ ગોંડલિયા / નિમુબેન રમેશભાઈ ગોંડલિયા / 004-00000533 / સુરત	ફ્લેટ નં. 403, ચોથો માળ, ક્ષેત્રફળ 359.42 ચો.ફૂટ એટલે કે 33.40 ચો.મીટર સુપર બિલ્ટ-અપ એરિયા, અને 256.82 ચો.ફૂટ એટલે કે 23.86 ચો.મીટર બિલ્ટ-અપ એરિયા, સાથે “શુકન રેસિડેન્સી-2”ની જમીનમાં અવિભાજિત હિસ્સો ધરાવતી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને ટુકડો, જે બ્લોક નં. 2, 4, 5, 11-A, 12, 13-A, 14, 15, 16, 39, 40-A, 41, 42, 43, 157, 323-A, 325, 326, અને નવા બ્લોક નં. 2, “સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી-2” પૈકી પ્લોટ નં. 49 અને 50, મોજે તાંતીથૈયા, તાઃ પલસાણા, જીઃ સુરત ખાતે આવેલ છે. ચતુર્સીમાઃ ઉત્તરઃ લૌબડે કોમ્પ્લેક્સ, દક્ષિણઃ આંતરિક રસ્તો, પૂર્વઃ હાલનું મકાન, પશ્ચિમઃ રસ્તો.	25-જૂન-2026 / રૂ. 3,13,942/- (રૂપિયા ત્રણ લાખ તેર હજાર નવસો બેતાલીસ પૂરા)	01-Oct-2026
5.	રાજગીર નાગેશ્વર મંડલ / પિમાદેવી રાજગીર મંડલ / 004-00401638 / સુરત	પ્લોટ નં. 393, ક્ષેત્રફળ 40.18 ચો.મીટરના પરિસર, સાથે રસ્તા અને COPમાં ક્ષેત્રફળ 24.65 ચો.મીટરનો પ્રમાણસર અવિભાજિત હિસ્સો, “ગાર્ડન વેલી”, જે રાજ્યઃ ગુજરાત, જિલ્લોઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, મોજેઃ જોળવા ખાતે આવેલા રેવન્યુ સર્વે નં. 71, બ્લોક નં. 93 ક્ષેત્રફળ 39837 ચો.મીટર N.A. જમીન પૈકી પર વિકસાવેલ છે. ચતુર્સીમાઃ ઉત્તરઃ અડીને આવેલ પ્લોટ 394, દક્ષિણઃ અડીને આવેલ પ્લોટ 392, પૂર્વઃ અડીને આવેલ રસ્તો, પશ્ચિમઃ અડીને આવેલ પ્લોટ 438.	25-જૂન-2026 / રૂ. 10,10,077/- (રૂપિયા દસ લાખ દસ હજાર સત્યોત્તેર પૂરા)	01-Oct-2026

તારીખ: 06 ઓક્ટોબર, 2026
સ્થળ: સુરત

સહી/- અધિકૃત અધિકારી,
મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ